PART 7 JULY MESSAGES

જુલાઈ



અત્યંત મોટા એક ટેબલ પર 'જિગસો પઝલ'ના વેરવિખેર ટુકડા મને બતાવવામાં આવ્યા. એ ટુકડાઓ એકમેંક સાથે ગોઠવવામાં આવી રહ્યા હતા તે મેં નીરખ્યા કર્યું. અને મેં જોયું કે દરેક ટુકડો પોતાની યોગ્ય જગ્યાએ કેવો આબાદ બંધબેસતો થતો હતો !
મેં શબ્દો સાંભળ્યા :

તમેં જ્યારે તમારા યોગ્ય સ્થાને હો છો અને તમારી વિશેષ ભૂમિકા અદા કરતાં હો છો ત્યારે કોઇ સંઘર્ષ હોઇ શકતો નથી અને મારી યોજના સુસંપૂર્ણતામાં ઉદ્‌ઘાટિત થાય છે.

જુલાઈ ૧

આનંદ કરો અને અખંડપણે આભાર માનતાં રહો, કારણ કે તમને જાણ છે કે તમે સદાય જીવિત રહેવાનાં છો. એકીવખતે એક જ દિવસ જીવો, એકેએક ક્ષણ ભરપૂરપણે, ભવ્યોજ્જ્વલ રીતે જીવો. ભૂતકાળને ભૂલી જાઓ, ભવિષ્યની ચિંતા ન કરો, માત્ર એટલું સ્વીકારી લો કે જીવન શાશ્વત છે, એને કોઈ આદિ નથી, કોઈ અંત નથી. આખોયે વખત તમે ચેતનામાં વિકસી અને વિસ્તરી રહ્યાં છો, શાશ્વત જીવનનાં રહસ્યો અને વિસ્મયો સમજવાની, મારી સાથે, જીવનના સ્રષ્ટા સાથે તમે એકરૂપ છો એવી પ્રતીતિની તમે શરૂઆત કરી રહ્યાં છો. એક પછી એક પગલું ભરતાં તમે આગળ ને ઉપર વધો છો, શાંતિ, નિસ્પંદતા અને ધીરગંભીરતા તમને ભરી રહે છે. સાથે જ તમને ખ્યાલ આવે છે કે બધું જ મારા હાથમાં છે, તમારે પોતા વિશે કશી ચિંતા કરવાપણું છે જ નહિ. એ તો તમે જ્યારે બહુ દૂરનું જોવા પ્રયત્ન કરો છો ત્યારે જીવન ખરેખર એક બોજ બની જાય છે અને ઘણાં લોકોમાં એ ભય, અનિશ્ચિતતા અને શ્રદ્ધા તથા વિશ્વાસનો અભાવ પણ પ્રેરે છે. નાના બાળક જેવાં મુક્ત અને આનંદી બનો, જીવન તમારે માટે અવિરત ઉલ્લાસનો સ્રોત બની રહેશે. જીવનમાં વિશ્વાસ રાખો અને એને પૂરેપૂરું જીવો.

કોઈ બાબતની તમે જ્યાં સુધી કસોટી ન કરો ત્યાં સુધી એને પુરવાર ન કરી શકો. તમારે શ્રદ્ધાથી આગળ આવવું જોઈએ અને દેખીતી રીતે અશક્ય લાગતું હોય તે કરવું જોઈએ. તમારે તમારી જાતને અતિક્રમીને, તમારી મર્યાદાની ઉપરવટ થઈને જીવતાં શીખવું જોઈએ, જેથી મારા સાથ થકી સર્વ કાંઈ શક્ય છે તે સાબિત થાય. કેવળ તમારી નાની સીમિત જાતમાં રહીને, તમારી મર્યાદાઓને ઓળંગી જવામાં ભય અનુભવીને, જીવનને કસોટીએ ચડાવતાં ડરીને જીવશો તો તમે કશે નહિ પહોંચો; દરેકેદરેક બાબતમાં મારો જ હાથ હોય છે એ જોઈ નહિ શકો. કશાનો ભય ન રાખો, માત્ર એટલું જાણી લો કે હું સદાય તમારી સાથે છું અને તમને દરેક પગલે દોરીશ અને માર્ગદર્શન આપીશ. દુનિયાને બતાવો કે જેઓ મને ખરેખર ચાહે છે અને દરેક બાબતમાં મને અગ્ર રાખે છે તેમના કલ્યાણ માટે બધી બાબતો સાથે મળીને કામ કરે છે. ચમત્કાર પર ચમત્કાર બનવાની અપેક્ષા રાખો અને તે બનતા જુઓ. આ જીવન જીવતાં અને એને કાર્યશીલ બનાવતાં શીખો, તે સાથે નવા સ્વર્ગ અને નવી ધરાનું પ્રાગટ્ય નિહાળો. એક પછી એક અદ્‌ભુત બાબતો બનતી આવતી જુઓ, કારણ કે તમે એ બધું વ્યવહારમાં ઉતારો છો અને તે પ્રમાણે જીવો છો.

સૂર મેળવો, તમારો પોતાનો વાદી સ્વર શોધી કાઢો અને એનો મોટેથી સ્પષ્ટ રણકાર કરો, કારણ કે જીવનના વિશાળ વાદ્યવૃંદનો તમે ભાગ છો. તમારે તમારી પોતાની ચોક્કસ ભૂમિકા ભજવવાની છે, એટલે બીજા કોઈનો વેશ ભજવવાની કોશિશ ન કરો. તમારી પોતાની ભૂમિકા શોધી કાઢો અને એને વળગી રહો. એમ કરતાં તમે શીખશો કે પછી તમારું બધું, બધું જ બરોબર થશે. જે લોકો બીજા કોઈનો સૂર વગાડ્યા કરે છે તેઓ જ સમગ્ર સાથેના સંવાદથી પોતાને અળગાં અનુભવે છે. બીજા કોઈ જેવાં થવાનો, બીજું કોઈ કરતું હોય તે કરવાનો ક્યારેય પ્રયત્ન ન કરો. શીંગમાંના દાણાની જેમ તમે બધાં એકસરખાં હો એવું મને જોઈતું નથી. તમે બધાં જુદાં જુદાં હો, દરેકની પોતાની આગવી આવડતો ને ગુણો હોય એ મારી જરૂર છે. વાદ્યવૃંદનાં બધાં વાદ્યો એકસરખાં જ હોય તો એ તો તદ્દન નીરસ બાબત બની જાય. એમાં તો જેટલાં વધુ વાદ્યો સંપૂર્ણ સંવાદમાં રહીને સૂરમાં મળેલાં હોય, તેમ વધુ સમૃદ્ધ ને વધુ અદ્‌ભુત ધ્વનિ પ્રગટે છે.

'એ લોકો કૃપાપ્રાપ્ત છે, જેઓ પવિત્રતા અને સદાચારને માટે તલસે છે, કારણ કે તેઓ સભર ભરાશે.' તમારી ઝંખના જ્યારે પૂરતી તીવ્ર બનશે ત્યારે તેની પૂર્તિ થશે, કારણ કે ત્યારે તમે જવાબ માટે શોધ કર્યા જ કરશો અને જવાબ ન મળે ત્યાં સુધી સંતોષ નહિ પામો. આ આધ્યાત્મિક માર્ગે તમે જે શોધો છો તે — મારી સાથેની એકાત્મતાની પૂર્ણ અનુભૂતિ — તમને મળે નહિ ત્યાં સુધી તમે નિશ્ચય, ધૈર્ય, ખંત અને લગનથી ખૂણેખૂણો શોધી વળજો. હતાશ તો ક્યારેય થતાં નહિ કે આ તો મેઘધનુષનો છેડો પકડવા જેવી વાત છે એમ માનતાં નહિ. બસ એટલું જાણી લો કે માર્ગે ચાલતાં તમે બેભાન ન થઈ જાઓ કે નિરાશ થઈને વાત પડતી ન મૂકો તો છેવટ જતાં તમે જે શોધો છો તે તમને મળશે જ. મુકામે પહોંચવા માટે દરેક અવરોધ ઓળંગવાજોગ છે, એટલે એની આસપાસમાંથી રસ્તો કાઢી લેવા કૃતનિશ્ચય બનજો. ક્ષણવાર માટે પણ એમ ન માનતાં કે કશું અજેય્ય કે અશક્ય છે. સામર્થ્યવાન, હિંમતવાન બનો, આગળ ને આગળ વધતાં રહો અને નિઃશંક તમે ત્યાં પહોંચશો જ.

ભરપૂરતા વિશેના તમારા વિચારો જ નક્કી કરે છે કે તમારી બધી જરૂરિયાતોની પૂર્તિ થાય છે કે નહિ. તમે જ્યારે ગરીબી કે અભાવનો વિચાર કરો છો, ભય, ચિંતા, લઘુતાભાવ, લોભ, સ્વાર્થ અને ફિકરને તમારી ચેતનામાં પ્રવેશવા દો છો અને આ નકારાત્મક સ્થિતિઓને વાગોળ્યા કરો છો ત્યારે તમે કનિષ્ઠમાં કનિષ્ઠને તમારા ભણી ખેંચી લાવો છો. તમે રંક તરીકે વિચાર કરો છો ત્યારે તમે રંક જ હો છો, કારણ એમ કરીને જીવનની બધી શુભ બાબતોથી તમારી જાતને તમે વંચિત કરી દો છો. એ બાબતો પ્રત્યેના તમારા વિચાર ને વલણની તમે ફેરગોઠવણી કરો તો એ બધું તમારું છે. તમે સંપત્તિવાન તરીકે વિચારવાનું આ ક્ષણથી જ શરૂ કરી દો. તમારી બધી જરૂરતો અદ્‌ભુત રીતે પૂરી થતી હોય એ રીતે તમારી જાતને જુઓ. તમને કશાની પણ કમી હોય એ રીતનું જોવાનો સ્પષ્ટ ઇનકાર કરો, કારણ કે તમને કશાની જો ખોટ હોય તો એ કમી તમારી ચેતનામાં છે. મારા ભર્યા ભરપૂર અણખૂટ ખજાનાનો પ્રવાહ તમારી મર્યાદાબદ્ધ ચેતના વડે શા માટે અટકાવવો? બધી જ વસ્તુઓ ક્યાંથી આવે છે એ તમે સમજવા ને સ્વીકારવાનું શરૂ કરશો અને દરેક બાબત માટે મારો — હરેક શુભ ને સુંદર વસ્તુના આપનારનો — મુક્તપણે આનંદપૂર્વક આભાર માની શકશો ત્યારે તમને કશાની કમી નહિ રહે, કશાની જ નહિ.

મારામાં સંપૂર્ણ શ્રદ્ધા અને વિશ્વાસ મૂકો, હું તમને કદી નિરાશ નહિ કરું કે તજી નહિ દઉં. તમે કોઈ પણ કામ ઉપાડો તે અશક્ય નહિ હોય, કારણ કે મારી સાથે તમે બધું કરવાને શક્તિમાન બનો છો. શ્રદ્ધા વડે જીવો. પરિસ્થિતિ દેખીતી રીતે ગમે તેટલી વિચિત્ર દેખાતી હોય, એ દરેકમાંથી શુભ જ નીપજી રહેલું તમે જુઓ એમ હું તમારી પાસેથી ઇચ્છું છું. તમારાં શ્રદ્ધા ને વિશ્વાસની ફરી ફરી કસોટી થવા દેવા માટે તૈયાર રહો, કારણ કે જો તમે એવી કસોટી ન કરો અને તમારે માટે એ કઈ રીતે કામ કરે છે તે ન જુઓ તો શ્રદ્ધા ને વિશ્વાસની વાત કરવાનો શો અર્થ છે? સંપૂર્ણ શ્રદ્ધાથી નીકળી પડવાને અને દેખીતી રીતે અશક્ય લાગતું હોય તે કરવાને તમે રાજી છો? — શેખીભરી ખુમારીથી નહિ, પણ એટલા માટે કે લેશ પણ સંશય વિના તમે જાણો છો કે એ ક્યાંથી આવે છે! તમારી શ્રદ્ધાની તમે કસોટી કરી ન હોય, એ અડગ છે એવું તમને જણાયું ન હોય, ત્યાં સુધી એના વિશે વાત કરતાં નહિ. તમારી શક્તિ ને ક્ષમતા મારામાંથી મેળવો. વળી હું તમારી સાથે છું પછી તમારી વિરુદ્ધમાં કોણ હોઈ શકે?

તમે એવું કહી શકો નહિ કે તમે મને ચાહો છો અને તમારા માનવબંધુઓને ધિક્કારો છો, કારણ કે પ્રેમ અને ધિક્કાર એ તેલ ને પાણી જેવા છે, એ એકમેકમાં ભળી જતા નથી. તમે જો ખરેખર જ મને ચાહતાં હો, તો તમારા માનવબંધુઓને તમે ચાહશો જ. એકમેક વિશે તમારામાં કરુણા અને સમજદારી હશે. એકબીજાંને તમે ચાહો ત્યારે તમે મનેયે ચાહશો. એ બંને બાબતો એકબીજા સાથે એવી ગૂંથાયેલી છે કે એને અલગ પાડી શકાય નહિ. એકબીજાં માટેનો તમારો પ્રેમ કેટલો વિશાળ છે? બીજાંને ખાતર તમે ભોગ આપવા તૈયાર છો? પ્રેમને કાંઈ શબ્દોમાં વ્યક્ત કરવાનું જરૂરી નથી. એ તો કાર્યમાં દેખાઈ આવે છે, અનુભવાય છે. એનાં કિરણો તમારામાંથી બહાર ફેલાય છે. પ્રેમ એ મૌનની ભાષા છે. એક પણ શબ્દ બોલાયો ન હોય તોપણ તે સમજાય છે અને સ્વીકારાય છે. એ આંતરરાષ્ટ્રીય ભાષા છે જે હૃદય વડે સમજાય છે, મન વડે નહિ. ભલેને તમે ગમે તે રાષ્ટ્રનાં હો, તમે પ્રેમ પહોંચાડી શકો છો અને સંપૂર્ણ મૌનમાં એની વાત કરી શકો છો. તમારાં નેત્રો, તમારું હૃદય, તમારું વલણ, તમારું સમગ્ર અસ્તિત્વ બીજી વ્યક્તિ માટે તમે જે લાગણી અનુભવતાં હો, તે અભિવ્યક્ત કરી શકે છે.

જુલાઈ ૮

દિવસની શરૂઆત સીધી મારી સાથેની એકાત્મતાથી કરો. પછી દિવસ દરમ્યાન તમને કાંઈ પણ થાય, કશાથી તમારી સમતુલા ખોરવાશે નહિ. આ આધ્યાત્મિક જીવન જીવવાની તમે પહેલાં પહેલાં શરૂઆત કરો ત્યારે તમારે સૂર મેળવવા સભાન પ્રયત્ન કરવો પડે, પણ તમે વધુ ને વધુ એ પ્રમાણે જીવવા લાગો ત્યારે પછી એ તમારો અંશ બની જાય છે. પછી એ આયાસ નથી રહેતો. તમે એવી રીતે જીવો છો કે તમે એ જ બની જાઓ છો. તમને ખૂબ આનંદ અને મુક્તિ સાંપડે છે. ખોટું કરી બેસવાના ભયથી કે કદાચ સંતુલન ચૂકી જઈ તમે સામા પ્રવાહે જતા હો એની ચિંતાથી, ક્ષમાયાચનાની પ્રાર્થનામાં તમારો અડધો સમય ગાળવાની જરૂર નથી. તમે ભૂલો કરો ત્યારે તરત જ ક્ષમાનો સ્વીકાર કરો અને એની એ ભૂલો ફરી નહિ કરવાનો નિરધાર કરો. આગળ વધતાં રહો. છેવટ જતાં આ રીતનું જીવવું પ્રયત્ન મટી જઈને ખરેખરો આનંદ બની રહેશે અને તમને જણાશે કે મારી સાથે એક હોવું એટલે શું, અંદરથી પૂર્ણપણે શાંત હોવું એટલે શું.

જુલાઈ ૯

જીવનની સાથે લય મેળવવા માટે તમારે સ્થિર નીરવ થવાની કલા શીખવાની છે, કારણ તમે જેટલાં વધુ પ્રશાંત બનશો તેટલી વધુ સ્પષ્ટતાથી તમારા આત્માના ગુણો પ્રતિબિંબિત કરી શકશો. તમે જે સ્થિતિમાં હો તેને માટે તમારા વાતાવરણને, તમારી પરિસ્થિતિને કે તમારા સંજોગોને દોષ દેવાનું કેટલું સહેલું છે! હવે સમય આવી ગયો છે કે તમે એવું કરતાં બંધ થાઓ અને પ્રતીતિપૂર્વક સમજી લો કે તમારે ફક્ત તમારી જાતને જ દોષ દેવાનો છે. અંદરની એ શાંતિ અને નીરવતા તમે શોધો અને પ્રાપ્ત કરો પછી બહારની કોઈ વસ્તુ, કોઈ વ્યક્તિ તમને ક્ષુબ્ધ કરી શકશે નહિ કે તમારી સમતુલા ખોરવી નાખી શકશે નહિ. તમારી આસપાસ નજર કરો, પ્રકૃતિની સુંદરતા અને સંપૂર્ણતા નિહાળો. પ્રકૃતિમાં દરેક વસ્તુ લયમાં રહે છે. મારા વિશ્વમાં સંપૂર્ણપણે નિયમ અને વ્યવસ્થા છે. કશું જ બેસૂર કે બેતાલ નથી. દરેક બાબત માટે ચોક્કસ સમય હોય છે, ચોક્કસ કારણ હોય છે. બધાં એ જોઈ શકે છે, એમાં ભાગ લઈ શકે છે. એટલે એના સૂરમાં સૂર મેળવો, એના વહેણ સાથે વહો અને મારા વિશ્વમાં રહેલ આ નિયમ અને વ્યવસ્થાનો ભાગ બનો.

આજના દિવસ પ્રત્યે, એમાં તમારે માટે જે રહેલું છે તેની પ્રત્યે તમારો સુયોગ્ય વિધેયાત્મક અભિગમ કેટલો બધો મહત્ત્વનો છે! તમારા એ અભિગમ વડે જ તમે દિવસનું નિર્માણ પણ કરી શકો અથવા એને નષ્ટ પણ કરી શકો. ઘટનાઓ જે બનતી રહે, તે વિશેના તમારા પ્રતિભાવથી જ બધો ફરક પડે છે. તમારા પ્રતિભાવો આક્રમક કે નકારાત્મક હોય ત્યારે તરત જ દીવાલ ઊભી થાય છે, વિરોધ સર્જાય છે, સહુ કોઈનો તમને વાંક દેખાય છે અને બધાંને માથે તમે દોષ ઢોળો છો. તમે એટલાં બધાં અંધ હો છો કે વાંક તમારો પોતાનો જ છે એ જોઈ શકતાં નથી. તમારા પ્રતિભાવો હકારાત્મક અને રચનાત્મક હોય ત્યારે બધી દીવાલો કડડભૂસ કરતી તૂટી પડે છે. તમને જણાશે કે બધી બાજુએથી તમને સહાય અને સહકાર મળી રહ્યાં છે. તમે જો ભૂલ કરી હોય તો તે કબૂલ કરો, તેને માટે દિલગીરી પ્રગટ કરો અને આગળ વધો. પછી તમારી જાતને વાજબી ઠરાવવાના અને તમે સાચાં છો એવું પુરવાર કરવાના પ્રયત્નમાં તમારે કીમતી વખત ગુમાવવો નહિ પડે. તમારે ઘણા પાઠ શીખવાના છે. એ ઝડપથી શીખો અને એકની એક ભૂલ બીજી વાર કદી ન થાય તે માટે પ્રયત્નશીલ રહો.

જીવનનો તમારે મન શો અર્થ છે? તમે એને પૂર્ણપણે માણો છો? એની પાસેથી તમે ઉત્તમોત્તમની અપેક્ષા રાખો છો? તમે એવું સ્વીકારો છો કે જીવન અનંત છે, એને કોઈ આદિ નથી કે અંત નથી? આ જાણવું તમને રોમાંચિત કરે છે અને ઊર્ધ્વ ભણી લઈ જાય છે કે એથી તમે ભયભીત અને નિરુત્સાહ થાઓ છો? આ સમયે જીવન પ્રત્યેનો તમારો અભિગમ સૌથી વધુ મહત્ત્વનો છે, કારણ કે ઘણાં આશ્ચર્યો ઉદ્‌ઘાટિત થઈ રહ્યાં છે; અને એ જરૂરી છે કે જે કાંઈ બની રહ્યું છે તેની સાથે તમે ગતિ કરો, તેની વિરુદ્ધ સંઘર્ષ ન કરો. આ સમય ઉદ્‌ઘાટનનો છે, શ્રમ કે સંઘર્ષનો નહિ. એટલે શાંત, સ્થિર થાઓ, એક પછી એક આશ્ચર્યોને પૂર્ણરૂપે ઊઘડતાં જુઓ અને નિરંતર આભાર માનતાં રહો. જીવંત હોવા માટે, જે કાંઈ બની રહ્યું છે તેના ભાગરૂપ હોવા માટે આભાર માનો, ઝડપી પરિવર્તનો માટે આભાર માનો અને એ પરિવર્તનો સાથે તમે બદલાતાં રહો. બધું જ અતિ શુભ માટે છે, એટલે આનંદપૂર્વક આગળ વધતાં ભય ન પામો. પરિવર્તનની સમગ્ર પ્રક્રિયાના, સમષ્ટિના અને નવીનના તમે ભાગરૂપ છો એનો અનુભવ કરો.

ચોતરફ તમે સૌંદર્યથી વીંટળાયેલાં છો. તમારાં નેત્રો ખોલો, એ જુઓ અને એ માટે સતત આભાર માનતાં રહો. સૌંદર્યમય આ વસ્તુઓને તમારું રૂપાંતર કરવા દો, તમને ઉત્તમ અને ઉચ્ચતમ તરફ પ્રેરિત કરવા દો. સૌંદર્ય તમારામાં જે સર્વોચ્ચ સુંદર રહેલું છે તેને બહાર લાવે છે અને પરમ સાથે તમને યુક્ત કરે છે. તમારી અંદર જે સૌંદર્ય છે તે અંદર સમાઈ શકે તેમ નથી, એને બહાર પ્રકાશી ઊઠવા દો. તમારાં મન-પ્રાણ સુંદર વિચારોથી ભરી દો અને મને પ્રતિબિંબિત કરો, કારણ કે એ સૌંદર્ય હું છું. દરેક વસ્તુમાં સુંદરતા ક્યાં છે તે માટે નજર કરો. તમે પૂરતા ઊંડાણથી, પૂરતો સમય લઈને જોશો તો તમને એ દેખાશે. જીવનમાં જે મલિન અને કુરૂપ છે તેનાથી ઉપર ઊઠો. એમ કરીને તમે એનું રૂપાંતર કરવામાં મદદ કરી શકશો. સૌંદર્ય નીરખનારનાં નેત્રોમાં છે, એટલે કે તમારી જ ભીતર ઊંડાણમાં છે. આજના દિવસે દરેક વ્યક્તિમાં, દરેક વસ્તુમાં સૌંદર્ય જોવાનો નિરધાર કરો, અને તમે એ જોશો. પ્રેમ અને સૌંદર્ય જોડાજોડ ચાલે છે, એટલે મારા વૈશ્વિક પ્રેમને તમારામાં ને તમારી દ્વારા મુક્તપણે વહેવા દો, તે યુક્તતા અને એકાત્મતા લઈ આવશે.

દુનિયામાં જે ખોટું થઈ રહ્યું છે તેને માટે બીજાં બધાંનો વાંક કાઢવામાં અનેક લોકો પોતાનાં શક્તિ ને સમય વેડફે છે, એને બદલે તેઓ પોતાની અંદર જો શરૂઆત કરે તો તેમને જાણ થાય કે આ બાબતમાં તેઓ પોતે કશુંક કરી શકે તેમ છે. તમારા પોતાના ઘરને વ્યવસ્થિત બનાવવાથી આરંભ કરો. તળાવડીની મધ્યમાં પથ્થર ફેંકવામાં આવે ત્યારે એનાં વમળો બહાર ને બહાર ફેલાતાં જ જાય છે, પણ એની શરૂઆત પેલા પથ્થરથી થઈ હોય છે, પેલા કેન્દ્રમાંથી થઈ હોય છે. પોતાની જાતથી શરૂઆત કરો, પછી તમે આસપાસનાં સર્વ લોકો પ્રત્યે શાંતિ, પ્રેમ, સંવાદિતા અને સમજનાં કિરણો પ્રસારી શકશો. અત્યારથી જ કાર્ય શરૂ કરી દો. તમે વધુ સારું જગત જોવા ઇચ્છો છો તો પછી એ વિશે કંઈક કરો, બીજાં બધાં તરફ આંગળી ચીંધીને નહિ, પણ પોતાની અંદર દૃષ્ટિ કરીને, હૃદયને ફંફોળીને, પોતાની ભૂલો સુધારીને, પોતાની અંદર જ જવાબ શોધીને. પછી તમે અધિકૃતતાપૂર્વક આગળ વધી શકશો અને તમારા પડોશીને તેમ જ તમારા સંપર્કમાં આવતાં સર્વ લોકોને સાચોસાચ મદદરૂપ થઈ શકશો. પરિવર્તનની શરૂઆત વ્યક્તિથી થાય છે. પછી એ સમાજમાં, શહેરમાં, દેશમાં અને દુનિયામાં વિસ્તરે છે.

દરેકેદરેક વસ્તુએ તિકસવું ને વિસ્તરવું જોઈશે. આખી જિંદગી બાળક બની રહેવાનું, કોઈ તમને ખવડાવે, કપડાં પહેરાવે, તમારું બધું કરી આપે એવું તમે પસંદ નહિ જ કરો. એક બાળકનું નિરીક્ષણ કરશો તો જણાશે કે તે કેવું બદલાવા ઇચ્છે છે, નવી વસ્તુઓ અજમાવી જોવા ઇચ્છે છે! આખોયે વખત તે પ્રયોગ કરતું, શીખતું રહે છે, વિકસતું, પાંગરતું રહે છે. એ મોટા થવાની, બદલાવાની સ્વાભાવિક પ્રક્રિયા છે. બાળકને એ કરવા માટે કંઈ મથામણ નથી કરવી પડતી, એ તદ્દન સ્વાભાવિકપણે થાય છે. નવા યુગના ઉદ્‌ઘાટનનું પણ એમ જ છે. એ અત્યારે, અહીં જ, તમારી સાથે જ છે. એમાં ગતિ કરવા માટે તમારે લડવાની કે સંઘર્ષ કરવાની જરૂર નથી. અજ્ઞાતનો ભય રાખવાની જરૂર નથી. તમારી આસપાસ થઈ રહેલાં પરિવર્તનો અને વિસ્તરણોની ઝડપ અંગે ચિંતા કરવાની જરૂર નથી. સાચા આનંદ અને અપેક્ષા સાથે, ઊઘડવાની જે રાહ જોઈ રહ્યું છે તે વિશે ઉત્સુકતાથી રાહ જુઓ. વધુ પડતું મહાન કંઈ નથી, વધુ પડતું અદ્‌ભુત કંઈ નથી, કશું જ અશક્ય નથી. મારાં આશ્ચર્યોને પરિપૂર્ણ રૂપે પ્રગટ થતાં જુઓ અને સદાસર્વદા આભાર માનતાં રહો.

તમને જ્યારે ઊંડેથી એમ પ્રતીત થાય કે હું તમને દોરી રહ્યો છું, માર્ગ બતાવી રહ્યો છું, ત્યારે તમે મારું સ્વર્ગ પૃથ્વી પર ઉતારવામાં મદદ કરી શકશો. તમારા અંતરના ઊંડાણમાં જ તમને બધી સૂચનાઓ ને દોરવણીઓ સાંપડશે, એટલે તમે આડમાર્ગે ચડી જાઓ કે ખોટો રસ્તો પકડી લો એવો સંભવ નથી. અંદર શોધ કરો અને એ સૂચનાઓને અનુસરો અને અદ્‌ભુતતા પર અદ્‌ભુતતા બની રહેતી નિહાળો. હું તમને દોરી રહ્યો હોઉં ને દિશા બતાવતો હોઉં, ત્યારે એક પણ ક્ષણ મંદ કે નીરસ હોતી નથી. મને શોધો અને સારોયે વખત મને પામો. તમારે બહુ દૂર જોવા જવું નહિ પડે. હું તો સાવ તમારી વચ્ચે જ છું પણ તમારે મારા વિશે સભાનપણે જાગ્રત થવું જોઈશે. તમે મારામાં જીવતાં, મારામાં ગતિ કરતાં, મારામાં અસ્તિત્વને ધારણ કરતાં થાઓ છો ત્યારે તમે નવું સ્વર્ગ અને નવી ધરા રચો છો. સર્જનમાં કોઈ તાણ કે તકલીફ નથી. મેં કહેલું: 'પ્રકાશ થવા દો' અને પ્રકાશ થયો હતો. હું કહું છું: 'મારું નવું સ્વર્ગ અને નવી ધરા નિહાળો', તો પછી એ નિહાળો, એને માટે નિરંતર આભાર માનો અને પૂર્ણ પ્રેમ, શાંતિ અને સંવાદિતાથી હવે એમાં નિવસો.

દુનિયામાં આ સમયે જે બધી અરાજકતા અને અંધાધૂંધી છે તેનો અનેક લોકો જવાબ શોધી રહ્યાં છે. દિવસે દિવસે બધું વણસતું જાય છે, પણ એથી ડરો નહિ. પરિસ્થિતિ વધારે સારી થઈ શકે તે પહેલાં વધારે ખરાબ થવી જ જોઈએ. ગૂમડું ફૂટે તે પહેલાં ખૂબ પાકે છે અને પછી બધાં ઝેર નીકળી જાય છે અને સફાઈ થાય છે. ધિક્કાર, લોભ, ઈર્ષ્યા અને સ્વાર્થનાં ઝેર નીકળી જાય અને નિરામયતા આવે તે પહેલાં દુનિયામાં જે પરિસ્થિતિ છે તેની પરાકાષ્ઠા આવવી જોઈએ. તમે અંદરથી સંપૂર્ણ શાંતિમાં હો એમ હું ઇચ્છું છું. તમારું મન મારામાં સ્થિત રાખશો તો એ તમને મળશે, તમે તમારી ચેતનાને ઊંચે લઈ જઈ શકશો અને તમને કેવળ ઉત્તમોત્તમ જ નજરે પડશે. દુનિયાની પરિસ્થિતિમાં તમારી જાતને તમે ગૂંથાઈ જવા દેશો, તો એને મદદ નહિ કરી શકો. તમારે રોગથી મુક્ત રહેવું જોઈએ, નહિ તો તમને એનો ચેપ લાગશે અને તમે કોઈ પણ પ્રકારની મદદ કરી શકવાની સ્થિતિમાં નહિ રહો. મને તમારી મદદની જરૂર છે, તમે મુક્ત હો એ મારી જરૂર છે. તમે પૂર્ણતયા શાંતિમાં હો એ મારી જરૂર છે. પછી હું તમારો ઉપયોગ કરી શકીશ.

તમે જે કાંઈ કરો તે મને સમર્પિત હોય અને સમગ્રના હિતનું હોય તેનો ખ્યાલ રાખજો. જ્યારે તમે સમગ્ર માટે જીવો છો ત્યારે તમારા માનવ-બંધુઓની સેવામાં જાત ભુલાઈ જાય છે, અને જ્યારે તમે તેમની સેવા કરતાં હો છો ત્યારે મારી જ સેવા કરતાં હો છો. સર્વ કાંઈ એકમેક સાથે એટલું નિકટપણે ગૂંથાયેલું છે કે તમે એકને બીજાથી છૂટું પાડી ન શકો. હું તમારામાં છું ને તમે મારામાં છો. હું દરેક વસ્તુમાં છું, દરેક સ્થળમાં છું, એટલા માટે હું તમારા પડોશીમાં, તમારા મિત્રમાં અને તમારા દુશ્મનમાં સમાનપણે છું. જ્યાં હું છું ત્યાં પ્રેમ છે, કારણ કે હું પ્રેમ છું. તમારાં હૃદય અને મનને પ્રેમથી ભરી દો. કારણ કે દરેક વ્યક્તિ, દરેક વસ્તુ પ્રેમનો પ્રતિસાદ આપે છે. એ રીતે પ્રેમ દરેકમાંથી જે ઉત્તમ છે તેને બહાર લઈ આવે છે. જ્યાં પ્રેમ છે ત્યાં મારો પ્રાણ છે અને જ્યાં મારો પ્રાણ છે ત્યાં તમારા આધ્યાત્મિક જીવનનો મૂળ સ્રોત છે. જે તમારી ભીતર ઊંડાણમાં રહેલું છે એને જ હંમેશાં શોધો, જીવનના જવાબ બહારથી શોધવામાં વધુ વખત ન બગાડો.

જુલાઈ ૧૮

સમગ્ર આયોજનમાં તમે કાર્ય કરી શકો એ માટે તમારે પોતાના પગ પર ઊભા રહેતાં અને પોતાનો વ્યક્તિગત માર્ગ શોધી કાઢતાં શીખવું જોઈએ. ફક્ત મારામાંથી જ, સમસ્ત જીવન અને સમસ્ત સર્જનના મૂળ સ્રોતમાંથી જ તમારી શક્તિ લો. પછી તમારાં પગલાં ખોટા માર્ગે નહિ પડે. રસ્તો કઠિન લાગે ત્યારે વિચલિત થતાં નહિ, પણ સ્થિરપણે આગળ વધતાં રહો, એમ સમજો કે આ તો માત્ર એક નાના ઊબડખાબડ ભાગમાંથી તમે પસાર થઈ રહ્યાં છો. એમાંથી તમે જેટલી ઝડપથી નીકળી જાઓ, શક્ય તેટલા ઓછા વિરોધ ને નારાજીથી પસાર થઈ જાઓ તેટલું વધુ સારું. માર્ગમાં દરેક પગલે તમને મહત્ત્વના અને જરૂરી પાઠ શીખવા મળશે. તમારે ધૈર્ય અને ખંતથી વળગી રહેવાનું, સહેલાઈથી હારી ન જવાનું શીખવું જોઈશે. તમારી સમક્ષ જે દર્શન છે તેને વળગી રહો. તમે ક્યાં જઈ રહ્યાં છો, અને તમારે જે સિદ્ધ કરવાનું છે તે શું છે તે જાણી લો. અને જ્યાં સુધી તમે એને સાકાર થતું ન જુઓ ત્યાં સુધી એને પડતું ન મૂકો. આ જીવનમાં તમે દુર્બળ હૃદયનાં બનશો તે નહિ ચાલે. એમાં તો એ આંતરિક શક્તિ અને જ્ઞાન જોઈશે, જેને કોઈ છિન્નભિન્ન કરી શકે નહિ કે ઉથલાવી શકે નહિ. તમારી શક્તિ અને સલામતી મારામાં રાખો.

નવું સ્વર્ગ અને નવી ધરા વિશે કેવળ વાતો ન કરો, એને એક વાસ્તવિકતા બનાવવા માટે તમારા જીવનમાં ઉતારી લાવવાનો આધાર તમારા પર છે. પ્રેમ વિશે, ચાહવા વિશે વાતો ન કરો, એ રીતે જીવો કે જેથી એનો શો અર્થ થાય છે તે બધાં જોઈ શકે. કાર્ય વગરના શબ્દો અર્થહીન અને નિરુપયોગી છે. એ ગરમ હવા જેવા છે જે વરાળ થઈને શૂન્યતામાં ઊડી જાય છે. તમારે તમારા પોતાના જીવન અને વ્યવહાર દ્વારા મારું સ્વર્ગ પૃથ્વી પર ઉતારવાનું છે, જેથી તમારું જીવન એક ઉદાહરણ, આનંદપૂર્ણ ઉદાહરણ બની રહે અને જેને બધાં અનુસરવાની ઇચ્છા કરે. અતિઘણા બોજાથી દબાયેલું, આનંદરહિત, સહજતા વગરનું જીવન વિતાવવા કોઈ ઇચ્છતું નથી. બોજ તળે દબાયેલાં અને નિસ્તેજ જીવન જીવતાં લોકોમાં જે મનુષ્ય આનંદ પ્રેરી શકે છે, તેને ઈશ્વરના આશીર્વાદ મળે છે. તમારો બધો બોજ મારા પર મૂકી દો અને તમારા સંપર્કમાં આવતા દરેકના જીવનમાં આનંદ અને સ્વતંત્રતા ભરો. તમે પોતે આનંદ અને પ્રેરણા બનો. તમે જે કાંઈ કરો, બોલો, વિચારો તેમાં મને પ્રતિબિંબિત કરો. મારી ઇચ્છા પાર પાડો, મારા માર્ગે ચાલો, મારો મહિમા કરો અને એ થકી પૂર્ણ શાંતિમાં રહો.

સર્વોત્તમની જ અપેક્ષા રાખો, દરેક જરૂરિયાત પૂરી થશે એવી અપેક્ષા રાખો, ભલેને તે ગમે તેવી અશક્ય દેખાતી હોય! કોઈ દિવસ ક્યારેય તમારી જાતની મર્યાદા બાંધતાં નહિ અથવા એમ માનતાં નહિ કે તમારે બહુ અપેક્ષા ન રાખવી જોઈએ. તમારી જરૂરિયાતો અત્યંત સ્પષ્ટ કરો, એ મોટેથી કહી દો અને પછી પૂર્ણ શ્રદ્ધા અને વિશ્વાસ રાખો કે એની પૂર્તિ થશે જ. કેવી રીતે થશે, એ બાબત મારા હાથમાં છોડી દેવી પડશે. એને સિદ્ધ કરવા માટે મારે માધ્યમો દ્વારા કામ કરવું પડે છે, પણ મારે માટે બધું જ શક્ય છે. એટલે પકડ છોડી દો અને મારી અદ્‌ભુતતાઓ અને મહિમાને પ્રગટ થતાં જુઓ, નિરંતર આભાર માનતાં રહો અને દરેક વસ્તુનો બધોયે વખત સમગ્રના કલ્યાણ માટે ઉપયોગ કરો. તમે માનવીય નિયમો વડે નહિ, મારા દૈવી નિયમો વડે જીવી રહ્યાં છો, એટલે કોઈ પણ સમયે, કાંઈ પણ બની શકે. ચમત્કારોની અપેક્ષા રાખો અને તે બની રહેલા નિહાળો. તમારી સમક્ષ હંમેશાં સંપત્તિ અને સભરતાનો વિચાર રાખો અને જાણો કે તેમ કરવાથી એને સાકાર કરનારાં બળો કામ કરતાં થાય છે. તમે જેટલાં વધુ હકારાત્મક હશો તેટલું વધુ જલદી એ બધું બનશે.

બીજા કોઈ પાસેથી માર્ગદર્શન મેળવવાનો પ્રયત્ન શા માટે કરો છો? સીધાં મારી પાસે કેમ આવતાં નથી? તમે શું એ જાણતાં નથી કે હું તમારી ભીતર છું? તમે શું એ જાણતાં નથી કે તમારા બધા પ્રશ્નોના જવાબ આપવા, બધી સમસ્યાઓ ઉકેલવામાં સહાય કરવા અને તમને હરેક પગલે દોરવા ને દિશા બતાવવા હું અહીં હાજર જ છું — ફક્ત તમે મને જો એમ કરવા દો, તો? હું કોઈના પર ક્યારેય મને ઠોકી બેસાડું નહિ. મને શોધવા ને પામવાનું તમે જાતે પસંદ કરેલું હોવું જોઈએ. અને તમે એ કરો ત્યારે બધું હાથમાં લઈ લેવાની રાહ જોઈને, તમારામાં ને તમારી દ્વારા પ્રેમ વહાવવાની રાહ જોઈને, તમને માર્ગ બતાવવાની રાહ જોઈને હું અહીં ઊભો જ છું. એક વાર તમે પસંદગી કરી લો અને મને સુકાન સંભાળવા દો, પછી તમે લગામ છોડી દઈ શકો. માત્ર એક એક પગલે મારી સૂચનાઓને અનુસરતાં રહો. તમે મારી અદ્‌ભુતતાઓ અને મહિમાને પ્રગટ થતાં જોશો, તમારા જીવનમાં એક પછી એક ચમત્કારો ઘટિત થતા જોશો. તમને જણાશે કે જ્યારે કશુંક બરોબર હોય અને એને મારા સંપૂર્ણ આશીર્વાદ હોય ત્યારે કોઈ વસ્તુ, કોઈ વ્યક્તિ એના માર્ગમાં આડી આવી શકતી નથી, કારણ કે એ યોગ્ય સમયે અને પરિપૂર્ણ રૂપે બની જ આવશે.

જુલાઈ ૨૨

મારું જે કાંઈ છે તે બધું તમારું છે. આ શબ્દોની અદ્‌ભુતતા વિશે વિચાર કરો અને પછી તમારી ચેતનાને વિસ્તરવા દો, જેથી તમે એ સ્વીકારી શકો અને એનો સાચો અર્થ જાણી શકો. તમારા જીવનમાં એ શબ્દોને વાસ્તવિક બનતા જુઓ અને ફરી ક્યારેય કોઈ જાતની સીમાઓ સ્વીકારો નહિ, કારણ કે મારાં બધાં વચનો સાચાં પડશે. એ વ્યર્થ વચનો નથી. માત્ર શ્રદ્ધાથી વળગી રહો અને કદી પણ એ શ્રદ્ધાને ડગવા ન દો. જેઓ મારી સમીપ રહે છે અને પોતાની સંપૂર્ણ શ્રદ્ધા અને વિશ્વાસ મારામાં મૂકે છે તે લોકો પાસે બધું જ આવે છે. તમારી સમક્ષ એક પછી એક આશ્ચર્ય ઊઘડતું જુઓ. જીવનની મોટી બાબતોમાં તેમ જ નાની બાબતોમાં જે અદ્‌ભુતતા રહેલી છે તે પિછાણો. તમારાં નેત્રો ખોલો, જેથી કશું જ તમારા ધ્યાનબહાર ન જાય. તમારું હૃદય ખુલ્લું કરો અને પ્રેમને વહેતો રાખો. પ્રેમ પ્રેમને ખેંચે છે. દરેક જીવ પ્રેમ પામવા માટે ઝંખે છે. તો શા માટે પ્રેમ ન આપવો? જેમ તમે આપશો તેમ તમે પામશો. પણ કોઈયે સ્વાર્થ કે શરત વિના, મુક્તપણે આપતાં શીખો અને જીવનને ભરપૂરપણે માણો.

જાગો અને જીવો. એ સભર અને ભવ્ય જીવન જીવો, જે તમારો સાચો વારસો છે. કશાનો ભય ન રાખો. તમારી ભીતર જ સઘળું શાણપણ, સઘળી સત્તા, સઘળી શક્તિ અને સઘળી સમજણ છે. શંકા, ભય અને અનિશ્ચિતતાનું નીંદામણ ઉખેડી કાઢો, જેથી તમારી અંદર ઊંડાણમાં રહેલા સુંદર બાગને એ ગૂંગળાવી ન નાખે અને તમારી ભીતર જે અતિ સુંદર છે તેને સાચી સ્વાધીનતા અને પૂર્ણતામાં ઊગવા, વિકસવા દે. ભીતરમાં જે છે તેને મોકળું કરો જેથી બહાર તેનું પ્રતિબિંબ પડે. તમે ગમે તેટલો પ્રયત્ન કરો, એને છાનું રાખી શકશો નહિ. તમારી અંદર ગૂંચવાડો અને અંધાધૂંધી હશે તો બહારની દુનિયામાં તમે જે રીતે જુઓ છો, જે રીતે વર્તો છો, જે તમે કરો છો અને તમારી આસપાસ જે છે તેમાં તેનું પ્રતિબિંબ પડશે. ભલેને તમે ગમે તેટલો પ્રયત્ન કરો, જે અંદર છે તેને તમે સંતાડી નહિ શકો. તમારા વિચારો ઉચ્ચતમના હશે ત્યારે સૌંદર્ય અને પૂર્ણતા બહાર પ્રગટ થશે. તમે ખૂબ પૉલિશ કરીને ચમકદાર બનાવાયેલા અરીસા જેવાં છો, કશું જ ગુપ્ત રહી શકશે નહિ.

તિના પરમ ભાવ સાથે જીવનમાંથી પસાર થાઓ, અને તમારા થકી કેટલું બધું કાર્ય પાર પડે છે એ જોઈને તમે આશ્ચર્યચકિત થઈ જશો. મનની ક્ષુબ્ધ અવસ્થામાં તમે કરી શકો તેના કરતાં શાંતિ અને આત્મવિશ્વાસમાં તમે ઘણું વધારે કરી શકશો. તમે જે કરી રહ્યાં હો તેના પર તમારું ધ્યાન કેન્દ્રિત ન થઈ શકતું હોય તો એનો અર્થ એ કે તમે એ અડધાપડધા ભાવથી કરો છો એટલે કે તમારી સર્વશ્રેષ્ઠ શક્તિ મુજબ કરતાં નથી. તમે જે કાંઈ કરો તે દરેક બાબત પ્રત્યે તમારું વલણ સુયોગ્ય હોય તે કેટલું બધું મહત્ત્વનું છે તે જુઓ. એને લીધે તમે જીવન પૂર્ણપણે માણી શકશો. હું ઇચ્છું છું કે જીવનને તમે ભરપૂરપણે માણો અને જીવનમાં જે અત્યુત્તમ છે તે મેળવો. તમને જણાશે કે તમે ક્યાં જઈ રહ્યાં છો અને શું કરી રહ્યાં છો એની જ્યારે તમને ખબર પડે ત્યારે પછી તમે અનિશ્ચયમાં સમય વેડફતાં નથી, પણ સીધાં આગળ વધો છો અને એ કરો છો. સમય કાઢીને સીધું મારી પાસેથી જાણી લો કે તમારી પાસેથી શી અપેક્ષા રાખવામાં આવી છે. માત્ર શાંતિ અને નીરવતામાં જઈને જ તમે એ કરી શકશો; એટલે એને માટે સમય કાઢો. આ બહુ જ મહત્ત્વની કૂંચી છે.

અત્યારે જ સમય છે નિર્માણ કરવાનો, સર્જન કરવાનો, એકતા અને સંવાદિતાનો, શાંતિ અને પ્રેમનો, અખિલાઈ અને એકત્વનો. આ વિધાયક, રચનાત્મક, સર્જનાત્મક વિચારોને આખોયે વખત તમારી ચેતનામાં ધારણ કરી રાખો અને એ ક્યારેય જતા ન કરો. એ જીવે, ગતિ કરે અને એમનું અસ્તિત્વ તમારામાં હોય તે જુઓ, અને નવા સ્વર્ગ અને નવી ધરાનું દર્શન આકાર ને સત્ત્વ ધારણ કરે તે નિહાળો. એને તમારી અંદર ઊઘડવા દો. નવા યુગના વિચાર સાથે અને એના સાચા અર્થ સાથે જેમ તમારો મેળ બેસતો જશે તેમ તે ધીરે ધીરે તમારી અંદર ઊઘડવાનું શરૂ થશે અને તમને ખ્યાલ આવશે કે તમે એના ભાગરૂપ છો અને એ તમારા ભાગરૂપ છે. એ કશુંક પ્રચંડ છે, એક સુપ્ત વિરાટ જેવું, જે ઊંઘમાંથી જાગવાની રાહ જુએ છે. એક વાર એની હલચલ શરૂ થાય પછી એને બહાર આવતાં કશું જ અટકાવી નહિ શકે. કશાની સામે લડવાનું નથી. હવે વધુ મથામણ કરવાની જરૂર નથી. માત્ર મારી સમીપ રહેતાં શીખો અને મારી સર્વાંગસંપૂર્ણ યોજનાને ઉદ્‌ઘાટિત થવા દો.

હું તમારી ભીતર છું. કોઈ એક જીવમાં હું હોઉં એના કરતાં બીજામાં વધારે નથી હોતો. એ કેવળ સભાનતાનો સવાલ છે. કેટલાક જીવો તેમની અંદર રહેલી દિવ્યતા પ્રત્યે બીજા કરતાં વધુ સભાન હોય છે. તેઓ એ સ્રોતમાંથી મેળવવા અને એ સ્રોત થકી જીવવા શક્તિમાન દેખાય છે. એને કારણે એ લોકો કશુંક અતીન્દ્રિય દર્શાવતાં ને જીવતાં હોય છે, પણ એમાં અતીન્દ્રિય જેવું કશું નથી, એ માત્ર મારા નિયમો પ્રમાણે જિવાતું જીવન છે. દરેકની અંદર એક શક્તિ રહેલી છે, તેને જે પ્રમાણે વાપરવી જોઈએ તે પ્રમાણે વાપરવાની એ વાત છે. શ્વાસ લેવા માટે હવા છે, પણ એ હવાને શ્વાસમાં લેવાનું તમારા હાથમાં છે. ઉપયોગ કરવા માટે વીજળી છે, પણ એને નાથવી જોઈએ, એને માટે ચાંપ દબાવવી જોઈએ અને એ વાપરવી જોઈએ. નહિ તો, વીજળી તો હોય છે પણ એમાંથી બહાર આવવાની રાહ જોઈ રહેલી જે શક્તિ છે તેનું પ્રાગટ્ય થતું નથી. એવું જ તમારી અંદરની આધ્યાત્મિક શક્તિનું છે. એ તમારા ઉપયોગ માટે છે, પણ તમે પ્લગ ભરાવીને ચાંપ ન દાબો ત્યાં સુધી એ એમ જ પડેલી રહે છે.

તમે કોઈ પાઠ શીખવાનો જ્યારે ઇનકાર કરો છો ત્યારે એ તમારી સમક્ષ બીજી રીતે આવે છે. હંમેશાં એક સહેલો રસ્તો હોય છે, પણ તમે એ સ્વીકારવાનો ઇનકાર કરો ત્યારે વધારે અઘરો ને જટિલ માર્ગ તમારી સામે રજૂ કરવામાં આવશે. તો તમારા પાઠ સહેલી રીતે કેમ ન શીખો? એક નાના બાળક જેવાં કેમ ન થાઓ — તમારા જીવનમાં જે કાંઈ બની રહ્યું છે તેને ઝીલવા માટે તૈયાર ને ખુલ્લાં? અને એ બધાંની સાથે તદ્દન સહજ રીતે ઊઘડતાં જાઓ તો! એ મારી તમારે માટેની યોજના છે, તો પછી જરૂર વિના તમારું જીવન અઘરું શા માટે બનાવી મૂકો છો? એથી તો માત્ર તમારો વિકાસ અટકે છે. બીજી બધી બાબતો કરતાં પ્રથમ મને મૂકવાનું તમે શીખશો ત્યારે તમને જણાશે કે બધી વસ્તુઓ એના યોગ્ય સ્થાને સંપૂર્ણ રીતે ગોઠવાઈ રહી છે. જ્યારે તમે ચેતનાને ઊંચે લઈ જઈ શકશો અને મહત્ત્વની હોય તેવી બાબતો પ્રત્યે એ ચેતનાને આધ્યાત્મિક સ્તર સુધી ઊંચે રાખી શકશો ત્યારે વિશાળ ફેરફારો થશે અને જીવન તમારી સામે સહેજ પણ આયાસ વગર ખૂલતું જશે. જીવન ખૂબ સાદું છે. એને તમારે માટે જટિલ શા સારુ બનાવવું?

સતત સતત પ્રાર્થના કરતાં રહો. તમારું જીવન પ્રેમ અને આભારની અવિરત પ્રાર્થના બનવા દો. જીવન બહુ જ બહુ જ શુભ છે, પણ સદાય યાદ રાખો કે જીવન તમે જેવું બનાવો તેવું બને છે. એટલે તમે જો નકારાત્મક હશો તો નકારાત્મકતાને તમારા ભણી ખેંચી લાવશો અને ઉચ્ચતમ શુભથી તમને વિખૂટું પાડી દેતું એક કાળું વાદળ તમારા જીવન પર છવાઈ જશે. તમે જો સતત હકારાત્મક હશો, દરેક વસ્તુમાં, દરેક વ્યક્તિમાં શુભ જોતાં હશો, તો પછી તમારી અંદર અને તમારી આસપાસ નીલ આકાશ હશે, સૂર્યનો પ્રકાશ હશે. તમારા જીવનને પ્રેમ, શ્રદ્ધા, આશા અને સાર્થકતાની લાગણીથી ભરી દો. જીવનને ચાહતાં શીખો, કારણ કે તમે એમ કરો છો ત્યારે તમારું જીવન સાતત્યભરી એક પ્રાર્થના હોય છે અને ખરેખર જ અવિરતપણે તમે પ્રાર્થના કરતાં હો છો. પ્રાર્થના તમારું મારી સાથેનું આંતરિક સંયોજન છે — પ્રારંભમાં આપણે કરતાં તેમ, એમાં આપણે સાથે બોલીએ છીએ ને સાથે ચાલીએ છીએ. પ્રાર્થના આત્માનો આહાર છે, જીવનું પોષણ છે. દરેક જણની એ ઊંડી અંદરની જરૂરિયાત છે. એ આંતરિક જરૂરિયાતનો અનુભવ કરો અને એનો જવાબ આપો.

જ્યારે તમને એમ કહું છું કે મારી ભવ્ય યોજના એક એક પગલે ઊઘડતી આવશે, ત્યારે કદાચ તમે એમ કલ્પના કરો કે બધું ધીરે ધીરે બની રહ્યું છે. મારાં પ્રિયજનો, હવે કશું જ ધીરે ધીરે નહિ બને. દરેક બાબત વધુ ગતિમાં મુકાઈ રહી છે. એમ છતાં એ ઉદ્‌ઘાટન તો હશે જ, કારણ કે દરેક બાબત પૂરેપૂરા યોગ્ય સમયે બની આવશે. એને આવવા દો, અને જે ઝડપથી એ આવી રહ્યું છે એનાથી ભય પામીને કશું બનતું અટકાવવાનો પ્રયત્ન ન કરો. મારી સમયની ગોઠવણી અચૂક હોય છે. એનો સ્વીકાર શા માટે ન કરવો? તમારામાં સહેજ પણ વિરોધભાવ ન રહેવા દો, પણ જેમ યોજના ખૂલતી જાય તેમ પૂર્ણ સ્વતંત્રતા અને આનંદ પ્રાપ્ત કરો. એ ખરેખર એક અદ્‌ભુત યોજના છે અને તમે એનો ભાગ છો. એમાં તમારે તમારી પોતાની ભૂમિકા ભજવવાની છે. એટલા માટે જ, તમારી ભૂમિકા શી છે તે શોધી કાઢવાનું અને એ અત્યારે જ કરવાનું મહત્ત્વનું છે. એ શોધ્યા વિના બીજા એક દિવસમાંથી એમ ને એમ રસળતાં પસાર ન થઈ જતાં. સમય કાઢીને શાંત-સ્થિર થાઓ. એ પ્રશાંતિમાં તમને તમારી ચોક્કસ ભૂમિકા કઈ છે તેની જાણ થશે.

દરેક બાબત માટે સતત આભાર માનતાં રહો. તમે જેને માટે કૃતજ્ઞતા અનુભવો એવું તો ઘણું બધું છે. તમારી આંખ ઉઘાડો, આસપાસ નિહાળો અને તમારા પર કેટલી બધી કૃપા થયેલી છે તે જુઓ. તમે આમ કરશો ત્યારે તમારી જાતને પ્રેમ અને કૃતજ્ઞતાની લાગણીથી ઊભરાઈ રહેલી અનુભવશો અને જીવન અને જીવવાની આખીયે પ્રક્રિયા એક નવો અર્થ ધારણ કરશે. તમારી આસપાસનાં લોકોનું તમારે મન મહત્ત્વ વધશે, કારણ કે એમને માટેના પ્રેમથી તમારું હૃદય ભરેલું હશે અને એમને માટે તમારામાં વધુ ઊંડી સમજ અને સહિષ્ણુતા હશે. એમનાં પ્રેમ અને સાથીદારી માટે, તેઓ બસ જે છે તેને માટે, તમે એમના ભણી કૃતજ્ઞતા અનુભવશો. તમારી ચોતરફ આવી રહેલાં સૌંદર્ય અને સંવાદિતા પ્રત્યે, પ્રકૃતિના વિસ્મયો પ્રત્યે, તમારી દૃષ્ટિ ખુલ્લી હશે. તમે એવી આંખો વડે જોશો જે ખરેખર જુએ છે; એવા કાન વડે સાંભળશો જે ખરેખર સાંભળે છે અને તમે પ્રેમ અને સમજદારીના શબ્દો વડે બોલશો. જીવન તમારે માટે શુભ બની રહેશે કારણ કે તમે કશું ગૃહીત કરીને ચાલતાં નથી, પણ દરેક વસ્તુની કદર ને પ્રશંસા કરી શકો છો અને બધાંમાં મારો હાથ જોઈ શકો છો.

તમારા વિધાયક, સર્જનાત્મક, પ્રેમાળ વિચારોમાં ગજબની તાકાત રહેલી છે, તમને ખ્યાલ આવી શકે એથી ઘણી વધારે, કારણ કે વિચારો એ શક્તિ છે. એટલે સર્વ નકારાત્મક વિચારોને દૂર કરો. હંમેશાં જીવનની ઊજળી બાજુ જુઓ, કારણ કે જેમ તમે વધુ આનંદ અને પ્રેમનાં કિરણો ફેલાવશો તેમ તમે વધુ આનંદ અને પ્રેમ તમારા ભણી ખેંચી લાવશો. તમારી આસપાસ રહેલાં સર્વ લોકોને ચાહો, કારણ કે તમને જણાશે કે છેવટે તો દરેક જણ પ્રેમનો પ્રતિસાદ આપે જ છે. બાળકો અને પશુઓ તરત પ્રતિસાદ આપે છે કારણ કે તેમની આડે કોઈ દીવાલ હોતી નથી. તેઓ સહજ સ્ફુરણાથી પ્રેમને વહેતો અનુભવે છે, કારણ કે એમના મનમાં ખોટા હેતુઓ અને ઇરાદાઓની આશંકા નથી હોતી. તેઓ તો બસ, પ્રેમને સ્વીકારે છે, તેનો પ્રતિસાદ આપે છે અને આનંદથી આપે છે; જ્યારે મોટેરાંઓ ઘણી વાર શંકાશીલ હોય છે અને કલ્પના કરે છે કે આમાં ચોક્કસ કોઈ ગુપ્ત હેતુ હોવો જોઈએ. તમારા હેતુઓ વિશે કોઈ શંકા કરે તો એથી એના પ્રત્યે તમારું હૃદય બંધ થઈ જવા દેતાં નહિ. એ હેતુઓ શુદ્ધ ને સાચા હોય તો પછી, પ્રેમને પુરજોશથી વહેવા દો. છેવટે બધી દીવાલો તૂટી પડશે. પ્રેમ એ જીવનની ચાવી છે, અને એ તમારી ભીતર રહેલી છે.